GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

LATEST EDITION

# ગુજરાતી વ્યાકરણ

ગુજરાત સરકારના પાઠ્ય પુસ્તક ધોરણ 6 થી 12ના તમામ વ્યાકરણના મુદ્દાઓનો સમાવેશ

વ્યાકરણના તમામ મુદ્દામાં સરળ ભાષાશૈલી, પર્યાપ્ત ઉદાહરણો તથા સચોટ અને સરળ સમજૂતી

DEMO COPY

પ્રકરણના અંતે EXAM રિલેટેડ પ્રશ્ન-જવાબ અને પ્રેક્ટિસ

વર્ણ પરિચય જેવા મુદાની આકૃતિ સહિત સમજૂતી

GPSC અને વર્ગ-3ના વર્ષ 2017 થી 2020 પરીક્ષામાં પૂછાતા ગુજરાતી વ્યાકરણના તમામ મુદાને આવરી લેતું પુસ્તક

સંપાદક
મૌલિક ગોંધિયા

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

''સ્વામી શ્રીજી''

# ગુજરાતી વ્યાકરણ

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

DEMO COPY

: પ્રકાશક :
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
SADGURU COMPLEX, 2ND FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001. CALL : 9375701110 / 9328001110

**પુસ્તકનું નામ :** ગુજરાતી વ્યાકરણ

**સંપાદક :** મૌલિક ગોંધિયા [Director - ICE]

**કિંમત : 210/-**

**પ્રકાશક :** ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
SHREE SADGURU SHOPPING CENTRE
2nd FLOOR, Nr. AKSHAR MANDIR,
OPP. TIRUPATI PETROL PUMP
KALAWAD ROAD, RAJKOT-360001

DEMO COPY

© All rights reserved by the publishers.

No part of this publication may be reproduced or distributed in any form or by any means, electronic, mechanical, photocopying, recording, or otherwise or stored in a database or retrieval system without the prior written permission of the publisher.

**Disclaimer**

Information contained in this work has been obtained by the publisher, from various sources that are believed to be reliable. However, neither the publisher nor its authors guarantee the accuracy or completeness of any information nor its authors shall be liable for any errors, omissions or damages arising out of use of this information.This work is published with the understanding that the publisher and its authors are supplying information but are not attemting to render any professional services. if such services are required, the assistance of an appropriate professional should be sought. Only the courts of Rajkot shall have the jurisdiction for any legal dispute.

ખાસ નોંધ : આ પુસ્તકમાં આપવામાં આવેલી તમામ માહિતી અમારી જાણ મુજબ સાચી છે. અને આ માહિતી ઓથેન્ટિક હોય એ માટે અમે પૂરતી કાળજી રાખી છે. તેમ છતા પ્રિન્ટિંગ, મુદ્રણ, માનવીય ભૂલ કે પછી કોઈ અગમ્ય કારણોસર તેમાં કોઈ ભૂલ કે ક્ષતિ રહી ગઈ હોય તો એ માટે સંપાદક, પ્રકાશક કે તેના કોઈ કર્મચારી જવાબદાર નથી. આ ઉપરાંત આ પુસ્તકમાં દરેક વ્યક્તિ, જાતિ, જ્ઞાતિ, સમાજ કે ધર્મનું માન-સન્માન જળવાઈ રહે એની પણ પૂરતી કાળજી રાખવામાં આવી છે. તેમ છતાં એમાં કોઈ ભૂલ-ચૂક થઈ હોય તો એ અંગે ક્ષમા પ્રાર્થીએ છીએ.

# અનુક્રમણિકા


1. ગુજરાતી વર્ણપરિચય .......... 01
2. જોડાક્ષર .......... 06
3. જોડણીના નિયમો .......... 07
4. ભાષા શુદ્ધિ .......... 16
5. ધ્વનિવિગ્રહ .......... 17
6. શબ્દકોશ ક્રમ .......... 21
7. સંધિ .......... 22
8. વિભક્તિ પ્રત્યયો (અનુગ તથા નામયોગી) .......... 36
9. સંયોજક અને તેના પ્રકાર .......... 40
10. વાક્ય અને તેના પ્રકાર .......... 43
    - 10.1 કર્તરિ, કર્મણિ અને ભાવે
    - 10.2 પ્રેરક, પુનઃપ્રેરક
    - 10.3 સાદું, સંયુક્ત અને સંકુલ/મિશ્ર
    - 10.4 વિધાન(વિધિ), પ્રશ્નાર્થ, નકાર, આજ્ઞાર્થ, ઉદ્‌ગાર
    - 10.5 ક્રિયાપદવાળું અને ક્રિયાપદ વગરનું વાક્ય
    - 10.6 કેવળપ્રયોગી
11. ક્રિયાપદ અને તેના પ્રકાર .......... 53
12. ભાષામાં લિંગ–વ્યવસ્થા .......... 57
13. ભાષામાં વચનવ્યવસ્થા .......... 59
14. વિરામચિહ્નો .......... 60
15. પૂર્વ પ્રત્યય–પર પ્રત્યય .......... 67


DEMO COPY


16. નિપાત અને તેના પ્રકાર........ 71
17. સર્વનામ અને તેના પ્રકાર........ 73
18. વિશેષણ અને તેના પ્રકાર........ 75
19. ક્રિયાવિશેષણ અને તેના પ્રકાર........ 80
20. સંજ્ઞા અને તેના પ્રકાર........ 83
21. કૃદન્ત અને તેના પ્રકાર........ 85
22. અલંકાર અને તેના પ્રકાર........ 88
23. સમાસ અને તેના પ્રકાર........ 100
24. છંદ અને તેના પ્રકાર........ 118
25. દ્વિરુક્ત અને રવાનુકારી........ 133
26. તળપદા શબ્દો અને શિષ્ટરૂપ........ 135
27. સમાનાર્થી શબ્દો........ 143
28. વિરુદ્ધાર્થી શબ્દો........ 178
29. શબ્દસમૂહ માટે એક શબ્દ........ 191
30. રૂઢિપ્રયોગો અને અર્થ........ 212
31. કહેવતો અને અર્થ........ 228
- ગુજરાતી વ્યાકરણના અગાઉની પરીક્ષામાં પૂછાયેલા CLASS-3/4ના પ્રશ્ન–જવાબ 2018/19........ 242
- ગુજરાતી વ્યાકરણના GPSC CLASS 1/2, PI, STI, DY.SO. MAMLATDAR, MAINS EXAMમાં પૂછાઈ ગયેલા પ્રશ્ન–જવાબ ફેબ્રુઆરી-2020 સુધી........ 266

DEMO COPY

- ➤ **વિવૃત સ્વર એટલે શું ?**
  જે સ્વરનું પહોળું ઉચ્ચારણ થાય તેને વિવૃત સ્વર કહે છે.
- ➤ **વિવૃત સ્વર = ઍ, ઑ**
- ● **સાનુનાસિક સ્વર એટલે શું ?**
  જે સ્વરનું ઉચ્ચારણ અનુનાસિક વર્ણ સાથે થાય તેને સાનુનાસિક સ્વર કહે છે.
- ➤ ઈં, ઊં, અં, આં, ઍં, ઑં – આ છ **સાનુનાસિક** સ્વરો છે.
- ● **વ્યંજન એટલે શું ?**
  જેનો ઉચ્ચાર સ્વરની મદદ વિના થઈ શકતો નથી તેને વ્યંજન કહેવાય છે.
- ➤ જ્યારે કોઈ વ્યંજન સાથે સ્વર જોડાઈ ત્યારે જ વ્યંજન પૂર્ણ બને છે.

**વર્ણકોષ્ટક**

| ઉચ્ચારણ સ્થાન | અઘોષ | | ઘોષ | | | | અઘોષ | ઘોષ |
|---|---|---|---|---|---|---|---|---|
| | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ |
| | | | | | અનુનાસિક | અંતઃસ્થ | સંઘર્ષી | મર્મર |
| કંઠ્ય | ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ્ | – | – | હ્ |
| તાલવ્ય | ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ | ય્ | શ્ | – |
| મૂર્ધન્ય/વર્ત્સ્ય | ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ | ર્ | ષ્ | ળ્ |
| દંત્ય | ત્ | થ્ | દ્ | ધ્ | ન્ | લ્ | સ્ | – |
| ઓષ્ઠ્ય | પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ | – | – | – |
| દંત્યૌષ્ઠ્ય | – | – | – | – | – | વ્ | – | – |



- **પાર્શ્વિક વ્યંજનો :**

➤ જ્યારે જિહ્વા (જીભ) દાંતને સ્પર્શે અને તેની સાથે હવાનો સંઘર્ષ ઉત્પન્ન થાય તેવા વર્ણોને પાર્શ્વિક વ્યંજનો કહેવાય છે.
જેમ કે, – 'લ્', 'ળ્', ('ળ્' એ પાર્શ્વિક **થડકાવાળો વર્ણ** છે.)

- **અર્ધસ્વરો :**

➤ ઘણીવાર સ્વર પોતાના ઉચ્ચારણની પરાકાષ્ઠાએ પહોંચતા નથી એટલે કે તે સ્વર વ્યંજન જેવો જ સંભળાય છે. આવા સ્વરને અર્ધસ્વર કહેવાય છે. ય, વ, **અર્ધસ્વરો** છે.
જ્યારે **અંતઃસ્થ** વર્ણો ય્, ર્, લ્, વ્ કહેવાય છે.

- **મર્મર વ્યંજન :**

➤ નિર્નુનાસિક જેવા સાદા સ્વરોના ઉચ્ચારણમાં ઘસારા જેવો ધ્વનિ ઉત્પન્ન થાય તેને 'મર્મર' વ્યંજન કહેવાય છે. જેમ કે, 'હ્' **મર્મર વ્યંજન** છે.

- **દંત્યૌષ્ઠ્ય વર્ણ :**

➤ જે વર્ણનું ઉચ્ચારણ દાંત અને ઓષ્ઠ્યથી થતું હોય તેવા વર્ણને દંત્યૌષ્ઠ્ય વર્ણ કહે છે. આમ, દંત્યૌષ્ઠ્ય વર્ણ 'વ' છે.

- **ઉપઘટકો એટલે શું ?**

➤ જે વર્ણનું ઉચ્ચારણ એકદમ પાસે અથવા નજીકથી થાય તેવા વર્ણોને એકબીજાના ઉપઘટકો કહે છે.

➤ શ/ષ એકબીજાના ઉપઘટક વર્ણો છે.

- **જોડાક્ષરો :**

➤ 'ક્ષ' અને 'જ્ઞ' આ બે જોડાક્ષરો છે.

| અક્ષર | | વિગ્રહ |
|---|---|---|
| ક્ષ | = | ક્+ષ્+અ |
| જ્ઞ | = | જ્+ઞ્+અ |

- **સ્ફોટક વ્યંજનો :**

➤ આવા પ્રકારના વર્ણોમાં હવાને સંગ્રહિત કરી પછી એક સાથે તે હવાના જથ્થાને છોડવાથી જે વર્ણો ઉચ્ચારિત થાય તેવા વર્ણો સ્ફોટક વ્યંજનો કહે છે.

➤ સ્ફોટક વ્યંજનને લાંબા ઉચ્ચારથી બોલી શકાતા નથી.
જેમ કે, – ક્, ગ્, ટ્, ઠ્, ડ્, ત્, થ્, દ્, પ્, બ્, ભ્

## મહત્ત્વના પ્રશ્નો

| | | |
|---|---|---|
| 1. | 'અં' કયા વર્ણનો અનુનાસિક વર્ણ છે ? | – 'અ' |
| 2. | 'અઃ' કયા વર્ણનો મહાપ્રાણિત વર્ણ છે ? | – 'અ' |
| 3. | મૂળ સ્વરો કયા છે ? | – અ, ઈ, ઉ, ઋ |
| 4. | જેના ઉચ્ચારણમાં અલ્પ સમય લાગે તે સ્વરને કેવા સ્વર કહેવાય ? | – હ્રસ્વ સ્વર |
| 5. | હ્રસ્વ સ્વર કયા–કયા છે ? | – અ, ઈ, ઉ, ઋ |
| 6. | ગુજરાતી ભાષામાં માન્ય સ્વરો કેટલા છે ? | – 8 (આઠ) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS DEMO COPY

| | | |
|---|---|---|
| 7. | ગુજરાતી ભાષામાં માન્ય 8 (આઠ) સ્વરો કયા–કયા છે ? | – <u>અ, આ, ઇ, ઉ, એ, ઓ, ઍ, ઑ</u> |
| 8. | વિવૃત સ્વર કેટલા અને કયા–કયા છે ? | – <u>બે– ઍ, ઑ</u> |
| 9. | હળવા ઉચ્છ્વાસ સાથે બોલાતા વ્યંજનને શું કહે છે ? | – <u>અલ્પપ્રાણ</u> |
| 10. | ઊંડા ઉચ્છ્વાસ સાથે બોલાતા વ્યંજનને શું કહે છે ? | – <u>મહાપ્રાણ</u> |
| 11. | ગુજરાતી ભાષામાં કુલ અઘોષ વ્યંજન કેટલા છે ? | - <u>13</u> |
| 12. | ગુજરાતી ભાષામાં કુલ સ્વરો કેટલા છે ? | - <u>13</u> |
| 13. | ગુજરાતી ભષામાં કુલ ઘોષ વ્યંજન કેટલા છે ? | - <u>21</u> |
| 14. | ગુજરાતી વર્ણ વ્યવસ્થામાં વર્ગીય વ્યંજનો કેટલા છે ? | - <u>25</u> |
| 15. | ગુજરાતી વર્ણ વ્યવસ્થામાં ક્યાંથી ક્યાં સુધીના વર્ગીય વ્યંજનો ગણી શકાય ? | <u>– ક થી મ</u> |
| 16. | વર્ગીય વ્યંજનોને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ? | <u>– સ્પર્શ વ્યંજનો</u> |
| 17. | અવર્ગીય વ્યંજનોને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ? | – <u>અસ્પર્શ વ્યંજનો</u> |
| 18. | અનુનાસિક વ્યંજનો કેટલા અને કયા–કયા છે ? | – <u>5(પાંચ), ઙ્, ઞ્, ણ્, ન્, મ્</u> |
| 19. | મુખ અને નાસિકા દ્વારા ઉચ્ચારણ થાય તે વર્ણોને શું કહેવાય છે ? | – <u>અનુનાસિક</u> |
| 20. | સંઘર્ષી વ્યંજન કયા–કયા છે ? | – <u>શ્, ષ્, સ્, હ્</u> |
| 21. | 'ર્' – એ કેવા પ્રકારનો વ્યંજન છે ? | – <u>પ્રકંપી વ્યંજન</u> |
| 22. | 'લ' અને 'ળ' – કેવા પ્રકારના વર્ણો છે ? | – <u>પાર્શ્વિક વ્યંજનો</u> |
| 23. | 'ળ' – એ કેવા પ્રકારનો વર્ણ છે ? | – <u>પાર્શ્વિક થડકાવાળો</u> |
| 24. | વર્ણ વ્યવસ્થામાં અર્ધ સ્વર કયા–કયા છે ? | – <u>'ય' અને 'વ'</u> |
| 25. | ય, ર, લ, વ – એ કેવા વર્ણો કહેવાય છે ? | – <u>અંતઃસ્થ</u> |
| 26. | મર્મર વ્યંજન એટલે કયો વર્ણ ? | – <u>'હ'</u> |
| 27. | કયા વર્ણનું ઉચ્ચારણ સ્થાન દંત્યૌષ્ઠ્ય છે ? | – <u>'વ'</u> |
| 28. | વર્ણ વ્યવસ્થામાં એકબીજાના ઉપઘટકો કયા વર્ણને ગણવામાં આવે છે ? | – <u>શ/ષ</u> |
| 29. | 'ક્ષ' – વર્ણનો વિગ્રહ જણાવો. | – <u>ક્+ષ્+અ</u> |
| 30. | 'જ્ઞ' – વર્ણનો વિગ્રહ જણાવો. | – <u>જ્+ઞ્+અ</u> |
| 31. | ગુજરાતી વર્ણ વ્યવસ્થામાં વર્ગ કેટલા અને કયા–કયા છે ? | – <u>5(પાંચ) ક્, ચ્, ટ્, ત્, પ્</u> |
| 32. | મૂર્ધન્ય વર્ણોને બીજા કયા નામથી પણ ઓળખવામાં આવે છે ? | – <u>વર્ત્સ્ય</u> |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS
DEMO COPY

# 2 જોડાક્ષરો

**જોડાક્ષર એટલે શું ?**

એક વ્યંજન પછી બીજો વ્યંજન સ્વર વિના જોડાય ત્યારે તેને જોડાક્ષર કે સંયુક્તાક્ષર કહેવાય છે.

- **જોડાક્ષરો :**

1. ક્ષ = ક્ + ષ
   ક્ષમા, અક્ષર, ક્ષત્રિય, ક્ષોભ
2. જ્ઞ = જ્ + ઞ
   જ્ઞાન, જ્ઞાતિ, યજ્ઞ, વિજ્ઞાન
3. ત્ત = ત્ + ત
   ઉત્તમ, ઉત્તર, તત્ત્વ
4. ત્ર = ત્ + ર
   નેત્ર, ત્રણ, ત્રિકાળ, નવરાત્રિ
5. દૃ = દ્ + ઋ
   દૃશ્ય, દૃષ્ટિ, દૃષ્ટાંત, તાદૃશ, અદૃશ્ય
6. દ્દ = દ્ + દ
   તદ્દન, ઉદ્દામ
7. દ્ધ = દ્ + ધ
   પદ્ધતિ, ઉદ્ધત, યુદ્ધ, શ્રદ્ધા
8. દ્મ = દ્ + મ
   પદ્મ, છદ્મ, સદ્મ, પદ્મા
9. દ્ય = દ્ + ય
   ગદ્ય, પદ્ય, મદ્ય, વિદ્યા
10. દ્ર = દ્ + ર
    ચંદ્ર, ઈન્દ્ર, દ્રવ્ય, ભદ્ર
11. દ્વ = દ્ + વ
    દ્વારિકા, દ્વાર, દ્વંદ્વ, દ્વિજ
12. ર્દ્ર = ર્ + દ્ + ર
    આર્દ્ર, સ્નેહાર્દ્ર, પ્રેમાર્દ્ર
13. પ્ર = પ્ + ર
    પ્રથમ, પ્રયોગ, પ્રબોધ, પ્રમાણ
14. ટ્ર = ટ્ + ર
    રાષ્ટ્ર, રાષ્ટ્રીય
15. શૃ = શ્ + ઋ
    શૃંગાર
16. શ્ચ = શ્ + ચ
    નિશ્ચિત, નિશ્ચિંત, નિશ્ચય
17. શ્ન = શ્ + ન
    પ્રશ્ન
18. શ્લ = શ્ + લ
    શ્લાઘ્ય, શ્લાઘા
19. શ્વ = શ્ + વ
    અશ્વ, શ્વાન
20. શ્ર = શ્ + ર (શ = શ્, / = ર્ , ા = અ)
    શ્રમ, શ્રાવણ, શ્રી
21. સૃ = સ્ + ઋ
    સૃષ્ટિ
22. સ્ત્ર = સ્ + ત્ + ર
    શસ્ત્ર, અસ્ત્ર, શાસ્ત્ર, વસ્ત્ર, સ્ત્રી
23. સ્ર = સ્ + ર
    સહસ્ર, તમિસ્ર, સ્રગ્ધરા, સ્રાવ, સ્રોત
24. હૃ = હ્ + ઋ
    હૃદય, હૃષીકેશ, સુહૃદ
25. હ્ન = હ્ + ન
    ચિહ્ન
26. હ્મ = હ્ + મ
    બ્રહ્મ, બ્રાહ્મણ
27. હ્ય = હ્ + ય
    બાહ્ય
28. હ્ર = હ્ + ર
    હ્રસ્વ, હ્રાંસ
29. હ્લ = હ્ + લ
    પ્રહ્લાદ, આહ્લાદ
30. ધ્ધ = ધ્ + ધ
    અધ્ધર, જોધ્ધો, સધ્ધર, સુધ્ધાં
31. ધ્વ = ધ્ + વ
    ઊર્ધ્વ, ધ્વજ, ધ્વનિ, ધ્વંસ, ધ્વસ્ત
32. ધ્ય = ધ્ + ય
    અધ્યયન, અધ્યાત્મ, અધ્યાપક, અધ્યાપન, ધ્યાન, ધ્યેય

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 6 શબ્દકોશ ક્રમ

➤ ગુજરાતી ભાષાના શબ્દકોશમાં ઘણીવાર શબ્દ શોધવામાં વાર લાગે છે. કારણ કે આપણે ગુજરાતી કક્કાવારી પ્રમાણે જે તે શબ્દને શોધવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ શબ્દકોશના શબ્દોનો ક્રમ કંઈક અલગ રીતે ગોઠવવામાં આવે છે.

➤ આ શબ્દોનો ક્રમ જોવા કે સમજવા માટે પ્રથમ નીચે પ્રમાણેના સ્વર અને વ્યંજનના ક્રમને સમજવા જરૂરી છે.

## સ્વર :

➤ અ, અં, અઃ, આ, આં, આઃ, ઇ, ઇં, ઇઃ, ઈ, ઈં, ઈઃ, ઉ, ઉં, ઉઃ, ઊ, ઊં, ઊઃ, ઋ, ઋં, ઋઃ, એ, ઍ, એં, ઍં, એઃ, ઐ, ઐં, ઐઃ, ઓ, ઑ, ઓં, ઑં, ઓઃ, ઔ, ઔં, ઔઃ

## વ્યંજન :

➤ ક, કં, કઃ, કા, કાં, કાઃ, કિ, કિં, કિઃ, કી, કીં, કીઃ, કુ, કું, કુઃ, કૂ, કૂં, કૂઃ, કૃ, કૃં, કૃઃ, કે, કૅ, કેં, કૅં, કેઃ, કૈ, કૈં, કૈઃ, કો, કૉ, કોં, કૉં, કોઃ, કૌ, કૌં, કૌઃ ક્ય, ક્ર, ક્લ, ક્વ, ક્ષ (ક્ + ષ્)

➤ જ, જં, જઃ, જા, જાં, જાઃ, જિ, જિં, જિઃ, જી, જીં, જીઃ, જુ, જું, જુઃ, જૂ, જૂં, જૂઃ, જૃ, જૃં, જૃઃ, જે, જૅ, જેં, જૅં, જેઃ, જૈ, જૈં, જૈઃ, જો, જૉ, જોં, જૉં, જોઃ, જૌ, જૌં, જૌઃ, જ્ઞ, જ્ય, જ્ર, જ્લ, જ્વ,
(જ્ + ઞ્)

➤ ઉપરોક્ત પ્રમાણે મૂળ સ્વર અને મૂળ વ્યંજનથી શરૂ થતા શબ્દો પછી અનુસ્વારવાળા સ્વર અને વ્યંજન મૂકવામાં આવે છે.

➤ જેમ ઉપર મુજબ 'ક' વ્યંજનને ક્રમમાં ગોઠવ્યો છે. તેવી જ રીતે 'ખ' થી 'ળ' સુધીના બધા જ વ્યંજનો ગોઠવી શકાય છે.

➤ જેમ 'ક' વ્યંજનના ક્રમમાં છેલ્લે 'ક્ય' માં ક્ + ય્ + અ છે. 'ક્ર' મા ક્ + ર્ + અ છે, 'ક્લ' માં ક્ + લ્ + અ છે, 'ક્વ' માં ક્ + વ્ + અ છે, 'ક્ષ' માં ક્ + ષ્ + અ છે તેથી આ બધા વર્ણોને ઉપરોક્ત ક્રમ પ્રમાણે ગોઠવાય છે.

➤ તેવી જ રીતે 'જ' વ્યંજના ક્રમમાં છેલ્લે જૌઃ પછી 'જ્ઞ' માં જ્ + ઞ્ + અ છે, 'જ્ય' માં જ્ + ય્ + અ છે. 'જ્ર' માં જ્ + ર્ + અ છે, 'જ્લ' માં જ્ + લ્ + અ છે. 'જ્વ' માં જ્ + વ્ + અ છે.

● **ઉદાહરણો સમજીએ :**

| | |
|---|---|
| ક્યારો | – ક્ + ય્ + આ + ર્ + ઓ |
| ક્રમ | – ક્ + ર્ + અ + મ્ + અ |
| ક્લેશ | – ક્ + લ્ + એ + શ્ + અ |
| ક્વચિત્ | – ક્ + વ્ + અ + ચ્ + ઇ + ત્ |
| ક્ષત્રિય | – ક્ + ષ્ + અ + ત્ + ર્ + ઇ + ય્ + અ |
| જ્ઞાન | – જ્ + ઞ્ + આ + ન્ + અ |
| જ્યોત્સના | – જ્ + ય્ + ઓ + ત્ + સ્ + અ + ન્ + આ |
| જ્વલંત | – જ્ + વ્ + અ + લ્ + અં + ત્ + અ |

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# 14 વિરામચિહ્નો

- ➢ ભાષા બોલતી કે લખતી વખતે કયાં અટકવું તે દર્શાવતી ખાસ નિશાની (ચિહ્ન)ને વિરામચિહ્ન કહે છે.
- ➢ વિરામચિહ્નોનો ઉપયોગ સ્વ–ઈચ્છાથી કરી શકાતો નથી અને જો એમ કરવામાં આવે તો ઘણી વખત વાકયનો અર્થ બદલાઈ જાય છે.

**વિરામચિહ્નો**

| મુખ્ય | ગૌણ |
|---|---|
| 1. પૂર્ણવિરામ | 1. કૌંસ |
| 2. અલ્પવિરામ | 2. લઘુરેખા |
| 3. પ્રશ્નાર્થચિહ્ન | 3. ગુરુરેખા |
| 4. ઉદ્‌ગારચિહ્ન | 4. અવતરણચિહ્ન |
| 5. અર્ધવિરામ | 5. વર્ણલોપચિહ્ન |
| 6. ગુરુવિરામ | 6. ખંડવાકય ચિહ્ન |
| | 7. કાકપદચિહ્ન |
| | 8. એજન ચિહ્ન |
| | 9. તિર્યકચિહ્ન |

**વિરામચિહ્નો**

| ક્રમ | વિરામચિહ્નો | નિશાની |
|---|---|---|
| 1. | પૂર્ણવિરામ | . |
| 2. | અલ્પવિરામ | , |
| 3. | પ્રશ્નાર્થચિહ્ન | ? |
| 4. | ઉદ્‌ગાર ચિહ્ન | ! |
| 5. | અર્ધ વિરામચિહ્ન | ; |
| 6. | ગુરુ વિરામચિહ્ન | : |
| 7. | કૌંસ | (), {}, [] |
| 8. | લઘુરેખા | - |
| 9. | ગુરુરેખા | — |
| 10. | અવતરણ ચિહ્ન | ' ', " " |
| 11. | વર્ણલોપચિહ્ન | ' |
| 12. | ખંડવાકયચિહ્ન | ... |
| 13. | કાકપદચિહ્ન | ^ |
| 14. | એજનચિહ્ન | " |
| 15. | તિર્યકચિહ્ન | / |

- ➢ ગુજરાતી ભાષામાં વપરાતા વિરામચિહ્નોની સમજૂતી નીચે પ્રમાણે છે.

## 1. પૂર્ણવિરામ : (.)

- ➢ કોઈ વાકય કે કથન પૂર્ણ થતું હોય ત્યારે પૂર્ણવિરામ મૂકાય છે.
- ➢ ટૂંકમાં સાદાં વાકયના અંતે પૂર્ણવિરામ મૂકાય છે.

**ઉદા.**

- ➢ યુધિષ્ઠિર સત્યવાદી રાજા હતો.
- ➢ સોમનાથ એક પવિત્ર મંદિર છે.
- ➢ ભૂખ લાગે ત્યારે ખાવું જરૂરી છે.
- ➢ કારકિર્દી બનાવવા વાંચવું જોઈએ.
- ➢ મને તમારો થોડો સમય જોઈએ છે.
- ➢ રમણીકભાઈને ચલચિત્રો પસંદ નથી.
- ➢ સીમા રોજ સવારે સાઈકલ ચલાવા જાય છે.
- ➢ તાજમહેલ ખૂબ સુંદર દેખાય છે.
- ➢ તમારી ઓફિસ ઘણી સુંદર છે.
- ➢ આ વાહન થોડું દૂર પાર્ક કરો.
- ➢ સંક્ષિપ્ત અક્ષરોને તથા અંકરૂપી સંકેતોને દર્શાવવા માટે પૂર્ણવિરામનો પ્રયોગ થાય છે.

**ઉદા.**

- ➢ ર. મ. નીલકંઠ, ચો.મી., આર.એમ.ટી.એસ., ઈ.સ.પૂ., કિ.ગ્રા., લ.સા.અ., ગુ.સા.અ., કિ.મી., ર.વ. દેસાઈ
- ➢ 1., 2., 3., ક., ખ., ગ.,
- ➢ કોઈ ગ્રંથ કે પ્રકરણના શીર્ષક પછી પૂર્ણવિરામ ચિહ્ન મૂકવામાં આવતું નથી.

**ઉદા.** ગુજરાતી ભાષા વ્યાકરણ. (આમ ન લખાય)

## 2. અલ્પવિરામ : (,)

- ➢ કોઈ વિરામચિહ્નોમાં ખૂબ જ વિનયપૂર્વક કોઈ વિરામચિહ્નનો પ્રયોગ કરવામાં આવતું હોય તો તે અલ્પવિરામ ચિહ્ન છે.
- ➢ અલ્પવિરામ વાકયના પદ, પદ સમૂહ કે ઉપવાકયને અલગ કરે છે.

DEMO COPY

# 18 વિશેષણ અને તેના પ્રકાર


## વિશેષણ એટલે શું ? :

- જે પદ પ્રાણી કે પદાર્થના ગુણ કે સંખ્યાનું વર્ણન કરી તેના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહે છે.

## વિશેષ્ય એટલે શું ? :

- "જે પદ માટે વિશેષણ વપરાયેલું હોય તેને વિશેષ્ય કહે છે."
- સામાન્ય રીતે વિશેષ્ય તરીકે વાક્યમાં નામ હોય છે. પરંતુ ઘણી વખત વિશેષ્ય તરીકે સર્વનામ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ અને વિશેષણ પણ હોઈ શકે.
- વિશેષણ વાક્યમાં વિશેષ્યને વધારે સારી રીતે અને ઊંડાણપૂર્વક સમજવામાં ઉપયોગી થાય છે.
- વિશેષણ મુખ્યત્ત્વે વાક્યમાં એકલું જોવા મળતું નથી પરંતુ વિશેષ્યની સાથે જ હોય છે.

● **સ્વરૂપ પ્રમાણે વિશેષણના બે પ્રકારો**




**1. વિકારી વિશેષણ :**

- વિશેષ્યના જાતિવચન આધારે વિશેષણમાં બદલાવ આવે તેને વિકારી વિશેષણ કહે છે.

  જેમ કે,

  **ઊંચો છોકરો ઊંચી છોકરી, ઊંચું છોકરું, ઊંચા છોકરાં**

**ઉદા.**

- આ <u>ઊંડી</u> નદી છે.
- આ <u>ખરી</u> વાત કરી તમે.
- <u>ખાટું</u> અથાણું મને બહુ જ ભાવે.
- પ્રામાણિક્તા એ <u>સારો</u> ગુણ છે.

**2. અવિકારી વિશેષણ :**

- વિશેષણની જાતિ વિશેષ્યની જાતિ આધારે બદલાય નહીં તો તે અવિકારી વિશેષણ કહેવાય છે.


  જેમ કે,

  **સુંદર, હોશિયાર, સામાન્ય, કઠણ, પ્રામાણિક**

**ઉદા.**

- આ <u>સુંદર</u> છોકરો છે. આ <u>સામાન્ય</u> વાત છે.
- આ <u>સુંદર</u> છોકરી છે. આ <u>હોશિયાર</u> છોકરો છે.
- આ <u>સુંદર</u> છોકરું છે. કેટલો <u>અદ્ભુત</u> નજારો છે !

● **સ્થાનની દષ્ટિએ વિશેષણના બે પ્રકારો પડે છે.**




**1. અનુવાદ્ય વિશેષણ :**

- જ્યારે વિશેષ્યની આગળ વિશેષણને મૂકવામાં આવે ત્યારે અનુવાદ્ય વિશેષણ બને છે.

**ઉદા.**

- મને <u>સુંદર</u> <u>ફૂલ</u> આપો.
  વિશેષણ વિશેષ્ય
- આજે બહુ જ <u>સારો</u> <u>દિવસ</u> છે.
  વિશેષણ વિશેષ્ય


**2. વિધેય વિશેષણ :**

- જ્યારે વિશેષ્યની પાછળ વિશેષણને મૂકવામાં આવે તેને વિધેય વિશેષણ કહે છે.

**ઉદા.**

- આ <u>ફૂલ</u> <u>સુંદર</u> છે.
  વિશેષ્ય વિશેષણ
- તે <u>છોકરો</u> <u>હોશિયાર</u> છે.
  વિશેષ્ય વિશેષણ

DEMO COPY




- **અર્થ પ્રમાણે વિશેષણના પ્રકારો**

**1. ગુણવાચક વિશેષણ :**

➤ પ્રાણી કે વસ્તુનો ગુણ દર્શાવતા વિશેષણને ગુણવાચક વિશેષણ કહે છે.

જેમ કે, **<u>અઘરું</u>, <u>સહેલું</u>**

**સાદું, સારું, બહાદુર, ડરપોક, જાડું, પાતળું, નિર્દોષ, હોશિયાર, ઠોઠ, મજબૂત, નબળું, લીસુ, ખરબચડું** વગેરે...

**ઉદા.**

➤ **<u>હોશિયાર</u>** વિદ્યાર્થી દરેક શિક્ષકને ગમે.

➤ **<u>મજબૂત</u>** ટેબલ જોઈએ છે.

➤ **<u>લીસી</u>** પાટી પર લખવું અઘરું છે.

➤ આ **<u>બહાદુર</u>** છોકરો છે.

➤ આ **<u>મજબૂત</u>** દીવાલ કોણે બનાવી છે ?

➤ **<u>ઠોઠ</u>** વિદ્યાર્થીને પાસ કરવો સૌથી વધારે અઘરું છે.


➤ આવું **<u>નબળું</u>** કામ હું નહીં ચલાવું.

➤ તે બાલટી ખેંચવા **<u>જાડું</u>** દોરડું જોશે.

➤ **<u>ડરપોક</u>** વ્યક્તિને બધા ડરાવતા હોય છે.

➤ ન્યાયતંત્ર ક્યારેય **<u>નિર્દોષ</u>** વ્યક્તિને સજા આપતું નથી.

**ગુણવાચક વિશેષણના નીચે મુજબ પેટાપ્રકાર પાડી શકાય.**




**1.1. રંગવાચક :**

➤ જે વિશેષણ વિશેષ્યનો રંગ દર્શાવી તેના અર્થમાં વધારો કરે તેને રંગવાચક વિશેષણ કહે છે.

જેમ કે,

**કાળો, પીળો, લાલ, સફેદ, ગુલાબી** વગેરે...

**ઉદા.**

➤ મને **<u>પચરંગી</u>** કપડા પહેરવા ગમતા નથી.

➤ **<u>રંગીન</u>** ચલચિત્રો સિનેમામાં અદ્ભુત દેખાય છે.

➤ રાધા **<u>સફેદ</u>** પરી જેવી લાગતી હતી.

➤ અશોકને **<u>લાલ</u>** વાહનો જ પસંદ છે.

➤ **<u>લીલા</u>** શાકભાજી આરોગ્ય માટે ફાયદાકારક છે.

➤ આ બલ્બ **<u>પીળો</u>** પ્રકાશ ફેંકે છે.

➤ **<u>લીલાછમ</u>** ખેતરમાં ફરવાની મજા આવે છે.

➤ અમુક દેશોમાં **<u>કાળો</u>** બુરખો પહેરવાની મનાઈ છે.

➤ તમારો **<u>નારંગી</u>** શર્ટ હું પહેરી શકું ?

**1.2. સ્વાદવાચક વિશેષણ :**

➤ જે વિશેષણ વિશેષ્યનો સ્વાદ દર્શાવી તેના અર્થમાં વધારો કરે તેને સ્વાદવાચક વિશેષણ કહે છે.

જેમ કે,

**મોરું, ખાટું, કડવું, મીઠું, સ્વાદિષ્ટ** વગેરે...

**ઉદા.**

➤ **<u>કડવો</u>** લીમડો **<u>મીઠો</u>** છાયો આપે છે.

➤ આટલું **<u>તીખું</u>** ચવાણું કોઈ ના ખાઈ શકે.

➤ **<u>સ્વાદિષ્ટ</u>** ભોજન અહીં મળે છે.

➤ તમે તદ્દન **<u>ફિક્કું</u>** શાક બનાવ્યું છે.

➤ **<u>ખાટું</u>** લીંબુ શાકમાં નાખો તો જ સ્વાદિષ્ટ લાગશે.

➤ આટલી **<u>મીઠી</u>** ખીર કોણે બનાવી છે ?

➤ **<u>ખારી</u>** સિંગ ખાવાની મજા પડે છે.

➤ તે **<u>ખાટી</u>** ચટણી છે.

➤ **<u>ખાટીમીઠી</u>** હાજમોલા પાચન માટે ઉત્તમ છે.


**1.3. આકારવાચક વિશેષણ :**

➤ જે વિશેષણ વિશેષ્યનો આકાર દર્શાવી તેના અર્થમાં વધારો કરે તેને આકારવાચક વિશેષણ કહે છે.


DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 22 અલંકાર અને તેના પ્રકાર

- ભાષા, વાણી, વિચાર કે ભાવોને આકર્ષક રીતે પ્રગટ કરવા અને તેની સજાવટ કરવા માટે જે રૂપ–રૂપકો વપરાય તેને અલંકાર કહે છે.
- **અલંકાર મુખ્ય બે પ્રકાર છે.**




- **શબ્દાલંકાર એટલે શું ?**
- જ્યારે વાક્ય, પંક્તિ કે કથનમાં શબ્દોને આકર્ષક અથવા અમત્કૃતિભર્યા દર્શાવવામાં આવે તેને શબ્દાલંકાર કહે છે.
- **શબ્દાલંકારના ચાર પ્રકાર પાડી શકાય**




**1. વર્ણાનુપ્રાસ અલંકાર :**

- જ્યારે એકનો એક વર્ણ કોઈ વાક્ય, પંક્તિ કે કથનમાં શબ્દની શરૂઆતમાં બે કે તેથી વધારે વખત આવે તો તેને વર્ણાનુપ્રાસ કે વર્ણસગાઈ અથવા અનુપ્રાસ અલંકાર કહે છે.

**ઉદા.**

- વાઘને વળી વળાવિયો કેવો !
- પીગળે પીગળે પડછાયાના પ્હાડ.
- મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ
- સોનાની તો સાંકળી ગલી, હેતુ ગણતું હેત.
- ભયની કાયાને ભૂજા નથી.
- કામિની કોકિલા કેલિ કૂજન કરે.
- વાગે છે રે વાગે છે વૃંદાવન મોરલી વાગે છે.
- નિત્ય સેવા, નિત્ય કીર્તન–ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.
- માડી મીઠી સ્મિત મધુરને ભવ્ય મૂર્તિ પિતાજી.
- જાગ, જગન, જપ, તપને તીરથ તેમાં સહુથી મોટો સતસંગ.
- પરમાર્થી પરાક્રમી ઘણો, પર મુલકમાં પરવરે.
- ફાગણે ફૂલડાં ફોરમ ફોરાવે.
- માથે મેવાડી મોળિયાં બિરાજે, ખંભે ખંતીલા ખેસ.
- કાળું એનું કામ, કાળાં કરમનો કાળો મોહન.
- પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા.
- વાણિજ્યમાં વાસ વસંત લક્ષ્મી, તેના નિમંત્રે નિજ નાશ સ્વાર્થથી.
- સુનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના.
- વિપદ પડે પણ વણસે નહિ.
- વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે.
- કાળજ કોર્યું તે કોને કહીએજી રે, ઓધવ !
- મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે.
- પારકું પાતક પોતા પર ઓઢી લીધું.
- માધવાદિક પણ મોતે મરે, કોણ માત્રમાં માનવી ?
- ભરતખંડ ભૂતળમાં જનમી જેણે ગોવિંદ ગુણ ગાયા રે.
- ગોતી, ભૂલી ભૂલી હું તને ભાળી હો વાલમા, ગોતીને થાઉં ગૂમ.
- સાંકળી શેરીમાં સસરા સામા મળ્યા રે.
- ભયની કાયાને ભૂજા નથી.
- ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ, પળના બાંધેલ એના પ્રાણ રે.
- કીધું કીધું કીધું મુજને કાંઈક કામણ કીધું રે !
- લેશ ન લીધો લલિત ઉરનો લ્હાવો જો.
- ધોળા ધાવણ કેરી ધારાએ પામ્યો કસુંબીનો રંગ.
- પંડની પેટીમાં પારસ છે પડયો.
- જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી.
- જળમાં હવે જડતું નથી, તટને તપાસીએ.
- ઘર ધંધાની ઘાણી રે, તેમાં તેલિયા તાણે.
- ગુણ ગાયે ઝેવરી રે, પૂરણ પરમાણે
- કપટ કરીને કૃષ્ણ આવ્યા, રૂપ ઉંદરનું ધરી.
- કરિએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

કહેવાય છે.

➤ **ઉપમાન :**

➤ જે પદની કોઈ સાથે સરખામણી કરવામાં આવી હોય તેને ઉપમાન કહેવાય છે.

➤ **ઉપમાવાચક પદ :** જ્યારે ઉપમેયની સરખામણી ઉપમાન સાથે કરતા **જેવો, જેવી, જેવું, જેવા, સમાન, સમોવડું, માફક, તુલ્ય, શું, સમ, સરખું** વગેરે જેવા પદોનો ઉપયોગ થાય તેને ઉપમાવાચક પદ કહે છે.

➤ **સાધારણ ધર્મવાચક પદ :** ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરતી વખતે કોઈ એક સમાન ગુણધર્મ સૂચક પદનો પ્રયોગ થાય તેને સાધારણ ધર્મવાચક પદ કહેવાય છે.

**ઉદા.**

➤ **રાધાનું મુખ** (↓ ઉપમેય) **ચંદ્ર** (↓ ઉપમાન) **જેવું** (↓ ઉપમાવાચક પદ) **સુંદર** (↓ સાધારણ ધર્મવાચક પદ) છે.

**અર્થાલંકાર**

↓

ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, અનન્વય

શ્લેષ, વ્યાજસ્તુતિ, સજીવારોપણ, દૃષ્ટાંત, અતિશયોક્તિ

અપહ્નુતિ, સ્વભાવોક્તિ, અર્થાંતરન્યાસ, વિરોધાભાસ, અન્યોક્તિ

1. **ઉપમા અલંકાર :**

➤ ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરવા **જેવું, જેમ, સરીખું, તુલ્ય, માફક, પેઠે, શો, સમાન** વગેરે જેવા પદોનો ઉપયોગ કરવામાં આવે તેને ઉપમા અલંકાર કહે છે.

**ઉદા.**

➤ ગાંધીજીની વાણી અમૃત **સરીખી** મીઠી છે.

➤ કાળ **સમોવડ** તરંગ ઉપર ઉછળે આતમનાવ.

➤ આજના યુવાનો પાણી **પેઠે** રૂપિયા વાપરે છે.

➤ મારા માટે તમે પિતા **સમાન** છો.

➤ બોર **શું** આંસુ બાની આંખમાંથી ટપક્યું.

➤ નાગરવેલીના **જેવી** નાજુકડી નારવાંકી.

➤ ભમરા **સમો** આ ભમતો પવન.

➤ અંધ અંધ અંધારે મળ્યા, **જ્યમ** તલમાં કોદરા ભર્યા.

➤ અનિલ **શી** ઝટ ઊપડી સાંઢણી.

➤ અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ **સરખા**.

➤ ડોહો સોટા **જેમ** હાલવાચાલવા લાગ્યો.

➤ ચંપકનો હાથ કઠણ લાકડા **જેવો** લાગે છે.

➤ તેનાં લાંબા કાળા વાળ સુરસરિતાના જળ **સમા**

➤ રાતે અંધારામાં જુઓ તો બે આંખો દીવા **જેવી** ઝગારા મારે.

➤ મોતી **જેવી** સફેદ, તેવી સુંદર અને સુંવાળી.

➤ ઊડે ધવલ ફેન **શી** વિખર કેશવાળી છટા.

➤ કોઈ ઘમ્મર ઘટ વડલા **જેવાં**, કોઈ પડછંદ વીર **જેવાં**,

➤ પગલું લાંક વિનાનું ઊંટના **જેવું** પડતું.

➤ તમે તો મને નોધારી છોડીને આમ સાવ સૂનમૂન સાધુ **જેવા** બની ગયા.

➤ તેનું પાતળું શરીર આ વસ્ત્રમાં ચંદ્રની ઊગતી કળા **જેવું** મોહક લાગતું હતું.

➤ મહુડા ઓછાબોલા પણ કામના માણસ **જેવા** છે.

➤ ક્યારેક ચાંદ **શી** ઝળાંહળાં થતી નદીને જોતો.

➤ દેવનદી, ઘાયલ વાઘણ **જેવી**, શોર અને ગર્જના સાથે રુદ્રકુંડમાં ખાબકે છે.

➤ કટોરી **જેવા** રાતાં ફૂલો આવનાર ઉનાળાની આગાહી કરતાં હસ્યા કરે છે.

➤ ધરતી ઉપર કોઈક વરદાનની **જેમ** ચાંદની ઊતરી રહી છે.

➤ તારો બાપ પોક મૂકીને રુએ છે, મને એ વચન અપમાન **જેવું** લાગ્યું.

➤ એક વખતનું સ્મશાન **જેવું** ઘર રાતદિ' ધમધમતું થઈ ગયું.

➤ પુરુષોની **માફક** સ્ત્રી પણ કેળવણી લઈ શકે છે.

➤ તેણે ખીંટીએથી કાળી નાગણ **જેવી** તલવાર લીધી.

➤ એ વૃક્ષની ડાળીઓ માત્ર જાળીઓ **જેવી** હતી.

➤ એ ફૂલોની શીતળતા મારી આંખોને જળછાલક **શી** સ્પર્શે છે.

➤ તમારી પાસે તો કુસુમ **સરખો** 'કાન્ત' ગણજો.

➤ એના **જેવો** કલંકી પુરુષ બીજો ધરતી પર નથી.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ➢ મોરનાં ઈંડા ચીતરવાં ન પડે.
- ➢ કરડે માંકડ ને માર ખાય ખાટલો.
- ➢ એક મ્યાનમાં બે તલવાર ન સમાય.
- ➢ ખોદે ઉંદરને ભોગવે ભોરિંગ.
- ➢ નબળા બળદને બગાઈ ગણી.
- ➢ નીચી બોરડી સૌ ખંખેરે.
- ➢ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
- ➢ જેના ઘેર પારણું તેનું શોભે બારણું.

**● યાદરાખો :**

| ક્રમ | અલંકાર | વ્યાખ્યા |
|---|---|---|
| 1 | ઉપમા | ઉપમેય અને ઉપમાનની સરખામણી |
| 2 | રૂપક | ઉપમેય અને ઉપમાન અકેરૂપ |
| 3 | ઉત્પ્રેક્ષા | ઉપમેય અને ઉપમાન સરખા હોવાની સંભાવના |
| 4 | વ્યતિરેક | ઉપમેયને ઉપમાન કરતા ચઢિયાતું |
| 5 | વ્યાજસ્તુતિ | નિંદા રૂપે વખાણ કે વખાણ રૂપે નિંદા |
| 6 | અનન્વય | ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ |
| 7 | શ્લેષ | એક જ શબ્દના બે અર્થ |
| 8 | સજીવારોપણ | નિર્જીવ વસ્તુમાં સજીવના ભાવોનું આરોપણ |
| 9 | દષ્ટાંત | એક વિધાન રજૂ કર્યા બાદ બીજા વાકયમાં તેનું દષ્ટાંત |
| 10 | અતિશયોક્તિ | વાસ્તવિક્તાની બહાર જઈને કરેલ વાત. |
| 11 | અપહ્નુતિ | ઉપમેયનો નિષેધ કરીને ઉપમાનનું નિરૂપણ |
| 12 | સ્વભાવોક્તિ | અન્ય અલંકારના ઉપયોગ વગર ક્રિયાનું યથાર્થ વર્ણન |
| 13 | અર્થાંતરન્યાસ | સામાન્ય હકીકતનું વિશેષ હકીકતના રૂપમાં અથવા વિશેષ હકીકતનું સામાન્ય હકીકતના રૂપમાં સમર્થન |
| 14 | વિરોધાભાસ | સામાન્ય રીતે ખોટું લાગતું પણ ગહન અભ્યાસ કરતા સાચું લાગે તે. |
| 15 | અન્યોક્તિ | એક વસ્તુ દ્વારા અન્યની મુખ્ય વાત છુપાવવામાં આવે |

## મહત્ત્વના પ્રશ્નો

1. અલંકારમાં જેની સરખામણી કરવામાં આવે તેને શું કહેવા ? – ઉપમેય
2. અલંકારમાં જેની સાથે સરખામણી કરવામાં આવે તેને શું કહેવાય ? – ઉપમાન
3. એકનો એક શબ્દ બે વખત આવે અને બંને જગ્યા પર તેના અર્થ અલગ–અલગ હોય તો કયો અલંકાર બને છે ? – યમક
4. ઉપમેય અને ઉપમાનને એકરૂપ બતાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ? – રૂપક
5. જાણે, રખે, શકે, શું – વગેરે શબ્દોના પ્રયોગથી જે અલંકાર ઓળખાય તે કયો અલંકાર ? – ઉત્પ્રેક્ષા
6. ઉપમેયને ઉપમાન કરતા ચઢિયાતું દર્શાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ? – વ્યતિરેક
7. ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ થાય ત્યારે કયો અલંકાર બને છે ? – અનન્વય
8. એક જ શબ્દના બે કે તેથી વધારે અર્થ નીકળે ત્યારે કયો અલંકાર થાય છે ? – શ્લેષ
9. 'વૃક્ષો ઋતુઓની રાહ જોતા હતા' – અલંકાર ઓળખાવો. – સજીવારોપણ
10. 'કયારેક ચાંદી શી ઝળાંહળાં થતી નદીને જોતો' – અલંકાર ઓળખાવો. – ઉપમા
11. 'સાગર સાગર જેવો છે, આકાશ આકાશ જેવું છે'–અલંકાર ઓળખાવો. – અનન્વય
12. 'તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દિવો કરું' – અલંકાર ઓળખાવો. – રૂપક
13. 'તમે પસંદ કરેલું પાત્ર પાણી વિનાનું છે' – અલંકાર ઓળખાવો. – શ્લેષ
14. 'દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે' – વાકયમાં ઉપમેય દર્શાવતું પદ શોધો. – દમયંતીનું મુખ
15. વાકયમાં ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરવા જે શબ્દ પ્રયોગ થાય તેને શું કહે છે ? – ઉપમાવાચક પદ
16. 'વજ્જર <u>સમણા</u> કોટના ગઢને તપાસીએ' – વાકયમાં રેખાંકિત પદને શું કહેવાય ? – ઉપમાવાચક પદ

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 23 સમાસ અને તેના પ્રકાર

**સમાસ :**

- ➤ સમ્ + આસ, સમ એટલે સરખું અથવા સાથે અને આસ એટલે ગોઠવાવું અથવા બેસવું.
- ➤ અલગ–અલગ અર્થવાળા બે કે તેથી વધારે પદો જોડાઈને નવા અર્થવાળું એક પદ બને તેને સમાસ કહેવાય છે.
- ● **સમાસના બંધારણની દૃષ્ટિએ ત્રણ પ્રકાર પાડી શકાય**

**પ્રકારો**

| સર્વપદ પ્રધાન | એકપદ પ્રધાન | અનન્યપદ પ્રધાન |
|---|---|---|
| ઉદા. દ્વંદ્વ | ઉદા. તત્પુરુષ, કર્મધારય, મધ્યમપદલોપી, દ્વિગુ | ઉદા. બહુવ્રીહિ, ઉપપદ, અવ્યયીભાવ |

**1. સર્વપદ પ્રધાન સમાસ :**

- ➤ જેમા બંને પદો સરખું મહત્ત્વ ધરાવતા હોય તે સર્વપદ પ્રધાન સમાસ કહેવાય છે.

**ઉદા.** દ્વન્દ્વ

**2. એકપદ પ્રધાન સમાસ :**

- ➤ માત્ર એક જ પદ પ્રધાન કે મુખ્ય હોય.

**ઉદા.** તત્પુરુષ, કર્મધારય, મધ્યપદલોપી, દ્વિગુ

**3. અન્યપદ પ્રધાન સમાસ :**

- ➤ સમાસમાં રહેલા બન્ને પદ ગૌણ હોય અને કોઈ અન્ય પદની પ્રધાનતા કે વિશેષતા હોય.

**ઉદા.** બહુવ્રીહિ, ઉપપદ અને અવ્યયીભાવ

- ● **સમાસ વિગ્રહ :**
- ➤ મુખ્યત્ત્વે સામાસિકપદ ઓછામાં ઓછા બે પદનું બનેલું હોય છે તેમાં પ્રથમ પદને પૂર્વપદ અને દ્વિતીય (બીજા) પદને ઉત્તરપદ કહે છે.
- ➤ પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે રહેલા પદોને મધ્યમપદ કહે છે.
- ➤ સમાસનો વિગ્રહ કરતી વખતે આપણને વિભક્તિ તથા વિશેષણનું જ્ઞાન હોવું જરૂરી છે.

**1. દ્વન્દ્વ સમાસ :**

- ➤ જે સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ સરખું મહત્ત્વ ધરાવતા હોય તેવા સમાસને દ્વન્દ્વ સમાસ કહે છે.
- ➤ આ સમાનો વિગ્રહ કરતી વખતે **'અને', 'કે', 'અથવા', 'વગેરે'** જેવા શબ્દોનો પ્રયોગ થાય છે.
- ➤ જ્યારે બન્ને પદ વચ્ચે નિશ્ચિતતા હોય ત્યારે **'અને'**થી વિગ્રહ થાય છે તથા અનિશ્ચિતતા હોય ત્યારે **'કે', 'અથવા'**થી વિગ્રહ થાય છે.
- ➤ વિગ્રહની દૃષ્ટિએ દ્વન્દ્વ સમાસના ત્રણ પેટાપ્રકાર પાડી શકાય.

**દ્વન્દ્વ સમાસના પેટાપ્રકાર**

| સમુચ્ચય (ઈતરેતર) દ્વંદ્વ | વૈકલ્પિક દ્વંદ્વ | સમાહાર દ્વંદ્વ |
|---|---|---|

**1.1 સમુચ્ચય (ઈતરેતર) દ્વન્દ્વ સમાસ :**

- ➤ આ સમાનો વિગ્રહ **'અને'** શબ્દથી કરવામાં આવે છે.

**ઉદા.**

| | |
|---|---|
| ટેબલખુરશી | – ટેબલ અને ખુરશી |
| દંપતી | – પતિ અને પત્ની |
| રાતદિવસ | – રાત અને દિવસ |
| રામસીતા | – રામ અને સીતા |
| દાળભાત | – દાળ અને ભાત |
| જીવજંતુ | – જીવ અને જંતુ |
| મોજશોખ | – મોજ અને શોખ |
| નરનારી | – નર અને નારી |
| માબાપ | – મા અને બાપ |
| ચાંદોસૂરજ | – ચાંદો અને સૂરજ |

DEMO COPY INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આશાવેલ – આશા રૂપી વેલ
- અમૃતધારા – અમૃત જેવી ધારા
- પથ્થરદિલ – પથ્થર(કઠોર) જેવું દિલ
- ટૂંકનોંધ – ટૂંકી એવી નોંધ(માહિતી)
- બાળરાજા – બાળક જેવો રાજા
- કાયાનગરી – કાયા રૂપી નગરી
- દેવપુરુષ – દેવ જેવો પુરુષ
- અર્ધચંદ્રાકૃતિ – અર્ધચંદ્ર જેવી આકૃતિ
- મૂકપ્રેક્ષક – મૂક(મૂંગો) પ્રેક્ષક(જોનારો)
- શબ્દબાણ – શબ્દ રૂપી બાણ
- ચોરદાનત – ચોર જેવી દાનત(મનનું વલણ)
- પરમેશ્વર – પરમ એવાં ઈશ્વર
- સતયુગ – સત(સત્ય) એવો યુગ
- કાળુમેશ – મેશ જેવું કાળું
- પશુધન – પશુ રૂપી ધન
- સત્યનારાયણ – સત્ય રૂપી નારાયણ(ઈશ્વર)
- બગભગત – બગલા જેવો ભગત
- કિરણપુષ્પ – કિરણ રૂપી પુષ્પ
- અંધારયુગ – અંધકાર રૂપી યુગ
- ભવાટવી – ભવ(સંસાર) રૂપી અટવી(વન)
- ઢીલુંઘેંશ – ઘેંશ(એક વાનગી) જેવું ઢીલું
- જીવનસુંદરી – જીવન રૂપી સુંદરી
- ઈષ્ટપાત્ર – ઈષ્ટ(ગમતું) એવું પાત્ર
- વાચનભૂખ – વાચન રૂપી ભૂખ
- વદનકમળ – કમળ જેવું વદન(મુખ)
- પુરુષવ્યાઘ્ર – વ્યાઘ્ર(વાઘ) જેવો પુરુષ
- જીવાણુ – અણુ જેવો જીવ
- ઊંચીકૂદ – ઊંચો કૂદકો
- પવનઘોડી – પવન રૂપી ઘોડી
- મેઘગંભીર – મેઘ જેવું ગંભીર
- ગુરુવાર – ગુરુ (મોટો) વાર
- ઘનશ્યામ – ઘન(વાદળ) જેવું શ્યામ(કાળું)
- બૃહદારણ્ય – બૃહત્(વિશાળ) અરણ્ય(વન)
- સુકલકડી – સૂકી એવી લાકડી

**બહુવ્રીહિ સમાસ**

- અનંગશત્રુ – અનંગ (કામદેવ)ના શત્રુ જે છે તે
- લાચાર – નથી આચાર જેને તે
- હંસગતિ – હંસ જેવી ગતિ(ઝડપ) જેની છે તે
- દુર્ગુણી – દુષ્ટ છે ગુણ જેના તે
- શૂલપાણિ – શૂલ જેમના પાણિ(હાથ)માં છે તે
- મહામૂલો – મહા(મહાન) છે મૂલ(કિંમત) જેનું તે
- ગેરકાયદેસર – કાયદેસર(નિમય પ્રમાણે) જે નથી તે
- વિમુખ – વિગત થયું છે મુખ જેનું તે
- એકરાગ – એક છે રાગ જેનો તે
- ઈન્દુશેખર – ઈન્દુ(ચંદ્ર) છે જેની શિખા(મસ્તક)માં તે
- ઊર્ધ્વમૂલ – ઊર્ધ્વ(ઊંચું) છે મૂલ(કિંમત) જેનું તે
- ગજગામા – ગજ(હાથી) જેવું ગમન(ચાલ) જેનું છે તે
- સુલોચન – સુંદર લોચન(આંખ) જેના છે તે
- ત્રિલોચન – ત્રણ છે લોનચ જેના તે
- અમૂલખ – નથી મૂલ(કિંમત) જેનું તે
- બિનતાલીમી – તાલીમ નથી જેને તે
- વિનમ્ર – જે વિશેષ રીતે નમ્ર છે તે
- અનર્ગળ – નથી અર્ગલ(ભોગળ/આગળો) જેને તે
- ચંદ્રશેખર – ચંદ્ર છે જેની શિખામાં તે
- કમઅક્કલ – કમ છે અક્કલ(સમજ) જેને તે
- અજાણ – નથી જાણ જેને તે
- વિજ્ઞાની – વિશેષ જ્ઞાન જેનામાં છે તે
- ત્ર્યંબક – ત્રણ અમ્બક(આંખ) જેને છે તે
- નીડર – નિર્ગત છે ડર(ભય) જેનો તે
- અંતરદષ્ટિ – અંતર છે દષ્ટિ જેની તે
- પ્રખ્યાત – જે વિશેષ રીતે ખ્યાત છે તે
- ક્ષણભંગુર – ક્ષણ(પળ)માં ભંગુર(નાશ) થાય છે જે તે
- ચક્રપાણિ – જેના પાણિ (હાથ)માં ચક્ર છે તે
- મધ્વરિ – મધુ(રાક્ષસ)નો અરિ(દુશ્મન) જે છે તે
- ઉદ્‌ગ્રીવ – ઉદ્(ઊંચી) છે ગ્રીવા(ડોક) જેની તે
- કમસમજ – કમ(ઓછી) છે સમજ જેની તે
- પ્રભાવી – વિશેષ છે પ્રભાવ જેનો તે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS DEMO COPY

- ➤ નિર્દોષ – નથી કોઈ દોષ જેમાં તે
- ➤ વેણુપાણિ – વેણુ(વાંસળી) છે જેના હાથમાં તે
- ➤ કુલક્ષણું – ખરાબ છે લક્ષણ જેના તે
- ➤ કૃતાર્થ – કૃત(કાર્ય) થયો છે અર્થ(સિદ્ધ) જેનો તે
- ➤ કંસારિ – કંસના છે અરિ (દુશ્મન) જે તે
- ➤ ખ્યાતનામ – વિખ્યાત છે નામ જેનું તે
- ➤ અભેદ – નથી ભેદ(તફાવત) જેમાં તે
- ➤ કુખ્યાત – ખરાબ રીતે જે ખ્યાત છે તે
- ➤ સુનંદા – સારી રીતે જે ખુશ થયેલી છે તે
- ➤ નિર્મળ – નથી મળ(કચરો) જેમાં તે
- ➤ વિધવા – વિગત(મરણ) થયો છે ધવ(પતિ) જેનો તે
- ➤ દામોદર – દામ (જનોઈ) છે ઉદર(પેટ) પર જેના તે
- ➤ મયૂરવાહિની – મયૂર(મોર) છે વાહન જેનું તે
- ➤ દ્વિદળ – બે છે દળ (ભાગ) જેને તે
- ➤ પ્રતાપી – વિશેષ છે પ્રતાપ(પ્રભાવ) જેનો તે
- ➤ અખંડ – નથી ખંડ(ભાગ) જેનો તે
- ➤ પદ્માસન – પદ્મ(કમળ) જેવું આસન જેનું છે તે
- ➤ પ્રભુનિષ્ઠા – પ્રભુમાં છે નિષ્ઠા જેની તે
- ➤ સત્યરૂપ – સત્ય છે રૂપ જેનું તે
- ➤ નશરમું – નથી શરમ જેને તે
- ➤ હલાયુધ – હળ છે આયુધ(શસ્ત્ર) જેનું તે
- ➤ નવપલ્લવ – નવા છે પલ્લવ(પાંદડાં) જેના તે
- ➤ બદતમીજ – બદ(ખરાબ) છે તમીજ(સભ્યતા) જેની તે
- ➤ સારંગપાણિ – સારંગ(ધનુષ્ય) છે પાણિ (હાથ)માં જેના તે
- ➤ અવિભાજ્ય – જે વિભાજ્ય(ભાગવું) નથી તે
- ➤ સહોદર – સહ છે ઉદર જેનું તે
- ➤ નપાણિયું – નથી પાણી જેમાં તે
- ➤ મહાસર્જક – જેનું સર્જન મહાન છે તે
- ➤ હરિયાક્ષી – હરણ જેવી અક્ષિ(આંખ) છે જેની તે
- ➤ તાંબાવરણાં – જેનો વર્ણ(રંગ) તાંબા જેવો છે તે
- ➤ ચંડરશ્મિ – ચંડ(ઉષ્ણ) જેનાં રશ્મિ(કિરણ) છે તે
- ➤ વીસનખી – વીસ છે નખ જેને તે
- ➤ પાણીપંથો – જેનો પંથ(માર્ગ) પાણી જેવો છે તે
- ➤ અણદીઠું – નથી દીઠેલું(જોયેલું) જેને તે
- ➤ તરણેતર – ત્રિ(ત્રણ) નેત્ર(આંખ) છે જેના તે
- ➤ ધર્મનિષ્ઠ – ધર્મમાં જેમની નિષ્ઠા છે તેવો
- ➤ નિરભિમાની – નથી અભિમાન જેને તે
- ➤ બત્રીસલક્ષણા – બત્રીસ છે લક્ષણો(ગુણ) જેને તે
- ➤ ઈન્દ્રિયજળ – જેની ઈન્દ્રિયો જડ(લગાણી વિનાનું) થઈ ગઈ છે તે
- ➤ રમેશ – રમા(લક્ષ્મી)ના ઈશ(પતિ) છે જે તે
- ➤ નોધારું – નથી આધાર જેને કોઈ તે
- ➤ ષટકોણ – ષટ(છ) છે કોણ(ખૂણા) જેને તે
- ➤ મુશળધાર – મુશળ(સાંબેલું) જેવી ધાર જેની છે તે
- ➤ નમાયાં – નથી મા(માતા) જેને તે
- ➤ જન્મસિદ્ધ – જન્મથી જે સિદ્ધ છે તે
- ➤ ષડાનન – ષડ્(છ) છે આનન(મુખ) જેને તે
- ➤ ગરુડવાહન – ગરુડ છે વાહન જેનું તે
- ➤ અનેકરંગી – અનેક રંગ છે જેમાં તે
- ➤ નબળું – નથી બળ જેનામાં તે
- ➤ મૃગનયની – હરણ જેવા નયન(આંખ) જેના છે તે
- ➤ નકામું – નથી કામ જેનું તે
- ➤ સ્થિતિપ્રજ્ઞ – સ્થિર છે પ્રજ્ઞા(બુદ્ધિ) જેની તે
- ➤ શ્રીશ – શ્રી(લક્ષ્મી) છે ઈશ(સ્વામી) જેના તે
- ➤ બેફિકરો – ફિકર નથી કોઈ જેને તે
- ➤ નિઃસ્વાર્થ – નથી કોઈ સ્વાર્થ(પોતાનું હિત) જેને તે
- ➤ સશસ્ત્ર – શસ્ત્ર સાથે છે જે તે
- ➤ અણઘડ – નથી ઘડાયેલું જે તે
- ➤ ત્રિકાળજ્ઞાની – ત્રણ કાળનું છે જ્ઞાન જેને તે
- ➤ સાનુસ્વાર – અનુસ્વાર સાથે છે જે તે
- ➤ પદ્મનાભ – પદ્મ(કમળ) છે નાભિ(દૂંટી)માં જેની તે
- ➤ વિરાટકાય – વિરાટ(મોટું) છે કાયા(શરીર) જેની તે
- ➤ નાસમજ – નથી સમજ જેને તે
- ➤ અનંત – નથી અંત જેનો તે
- ➤ સહજાત – જેનો જન્મ સાથે થયો છે તે
- ➤ તપોધન – તપ છે ધન જેનું તે
- ➤ ભાલચંદ્ર – ભાલ(કપાળ)માં છે ચંદ્ર જેના તે
- ➤ બિનવારસી – નથી કોઈ વારસ(હકદાર) જેનો તે
- ➤ અગમ્ય – જે ન સમજી શકાય તેવું

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 24 છંદ અને તેના પ્રકાર

➤ સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે છંદના બે પ્રકાર છે.

છંદ
- વૃત્ત (અક્ષરમેળ)
- જાતિ (માત્રામેળ)

➤ ગુજરાતી વ્યાકરણમાં <u>વૃત્ત</u> એટલે <u>અક્ષરમેળ છંદ</u> તથા <u>જાતિ</u> એટલે <u>માત્રામેળ છંદ</u> કહેવાય છે.

**છંદ એટલે શું ? :**

➤ 'માધુર્ય દર્શાવવા માટે પ્રત્યેય કાવ્યપંકિતમાં અક્ષરોની ચોકકસ ગોઠવણી એટલે છંદ.'

➤ ગુજરાતીમાં છંદને ઓળખવા કે સમજવા માટે <u>લઘુ</u>, <u>ગુરુ</u>, <u>યતિ</u>, <u>ગણરચના</u> અને <u>બંધારણ</u> જેવા શબ્દોની માહિતી હોવી જરૂરી છે.

**1. લઘુ અક્ષર એટલે શું ? :**

➤ છંદમાં હ્રસ્વ અક્ષરને લઘુ અક્ષર કહે છે. જે વ્યંજન સાથે હ્રસ્વ સ્વર જોડાય તે લઘુ અક્ષર

હ્રસ્વ સ્વર ચાર છે : <u>અ, ઇ, ઉ, ઋ</u>

અક્ષરમેળ છંદમાં હ્રસ્વ અક્ષરની નિશાની : 'U'

માત્રામેળ છંદમાં હ્રસ્વ અક્ષરની માત્રા : '૧'

**ઉદા.** : <u>ક, કિ, કુ, કૃ</u>

**2. ગુરુ અક્ષર એટલે શું ? :**

➤ છંદમાં દીર્ઘ અક્ષરને ગુરુ અક્ષર કહે છે. જે વ્યંજન સાથે દીર્ઘ સ્વર જોડાય તે ગુરુ અક્ષર.

દીર્ઘ સ્વર : <u>આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ</u>

અક્ષરમેળ છંદમાં હ્રસ્વ અક્ષરની નિશાની : '–'

માત્રામેળ છંદમાં હ્રસ્વ અક્ષરની માત્રા : '૨'

**ઉદા.** : કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ

**3. યતિ એટલે શું ? :**

➤ યતિ એટલે અટક સ્થાન. છંદશાસ્ત્રમાં આવતી કાવ્યપંકિતમાં ઘણીવાર કોઈ શબ્દને અટકી અથવા લંબાવીને ગાવામાં આવે છે. આ પ્રકારના સ્થાનને યતિ કહે છે. યતિ માટે નિશાની (,) મુકાય છે.

**ઉદા.** : લાંબા જોડે ટૂકો જાય, મરે નહીં તો માંદો થાય.

**4. યતિભંગ એટલે શું ? :**

➤ છંદ શાસ્ત્રમાં આવતી પંક્તિમાં જ્યાં યતિનો પ્રયોગ થયો હોય ત્યાં જે તે શબ્દ પૂર્ણ થયેલો હોય છે. પરંતુ ઘણીવાર કોઈક પંક્તિમાં શબ્દને તોડીને ઉચ્ચારવામાં આવે તેને યતિભંગ કહે છે.

**ઉદા.** : ઊગે છે નભસૂર્ય ગાઢ જગના, અં/ધારને ભેદવા

➤ અહીં પંક્તિમાં <u>'ના'</u> પછી યતિ છે પરંતુ <u>'અં'</u> બોલવામાં થોડું અટકવું પડે છે આમ, તોડીને બોલવામાં આવતા ભાગને યતિભંગ કહે છે.

**5. ચરણ/પાદ એટલે શું ? :**

➤ છંદશાસ્ત્રમાં પંકિતના ચોક્કસ માપવાળા એક ભાગને ચરણ/પાદ કહે છે.

**ઉદા.** : <u>રે પંખીડા સુખથી ચણજો</u>, <u>ગીત વા કાંઈ ગાજો</u>.
ચરણ–1 ચરણ–2

➤ છંદશાસ્ત્રમાં પંક્તિના અક્ષરોની ગણતરી કરતી વખતે કયારેક લઘુ અક્ષર ગુરુ બને છે. તો આવું કયારે થાય તે સમજવા થોડા નિયમો નીચે પ્રમાણે જોઈએ.

● **લઘુ અક્ષર ગુરુ કેવી રીતે બને છે ?**

**નિયમ-1 :**

➤ કોઈ શબ્દમાં આવતા સંયુકત અક્ષરનું ઉચ્ચારણ તીવ્ર (કઠોર) હોય તો તેની પૂર્વે આવેલો અક્ષર જો લઘુ હોય તો તે ગુરુ બને છે. – – –

**ઉદા.** : <u>દુષ્કાળ</u>, <u>નિસ્તેજ</u>, <u>નિષ્કપટ</u>

ઉપરોકત ઉદાહરણમાં સંયુક્ત અક્ષર પૂર્વે આવેલા અક્ષરો <u>દુ, નિ, નિ</u> ગુરુ બને છે.

DEMO COPY INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નિયમ-2 :**

➤ કોઈ શબ્દમાં આવતા સંયુક્ત અક્ષરનું ઉચ્ચારણ મૃદુ (સરળ) હોય તો તેની પહેલા આવેલો અક્ષર જો લઘુ હોય તો લઘુ અને ગુરૂ હોય તો ગુરૂ કહે છે. ટૂંકમાં, અક્ષર જેવો હોય તેવો જ રહે છે.

**ઉદા.** : પડ્યા, લળ્યા, મળ્યા (U U U)

ઉપરોક્ત ઉદાહરણમાં સંયુક્ત અક્ષર પહેલા આવેલા અક્ષરો **પ, લ, મ** લઘુ બને છે.

**નિયમ-3 :**

➤ કોઈ વર્ણમાં જો અનુસ્વાર હોય અને તેનું ઉચ્ચારણ તીવ્ર હોય તો તે વર્ણ ગુરૂ બને છે.

ઉદા. : બંગલો, સંઘર્ષ, સંશય

ઉપરોક્ત ઉદાહરણમાં અનુસ્વાર વાળો વર્ણ ગુરૂ બને છે.

**નિયમ-4 :**

➤ કોઈ વર્ણમાં જો અનુસ્વાર હોય અને તેનું ઉચ્ચારણ મૃદુ હોય તો તે વર્ણ લઘુ હોય તો લઘુ અને જો ગુરૂ હોય તો ગુરૂ રહે છે. ટૂંકમાં જેવો હોય તેવો જ રહે છે.

**ઉદા.** : હું, શું, તું, કુંવર, ચાલતું (U U U U U)

**નિયમ-5 :**

➤ કોઈ વર્ણ પછી વિસર્ગ આવતો હોય અને જો વિસર્ગનું ઉચ્ચારણ તીવ્ર હોય તો તેની પહેલા આવેલો વર્ણ જો લઘુ હોય તો ગુરૂ બને છે.

**ઉદા.** : નિ:સંતાન, અંત:કરણ, નિ:શંક

ઉપરોક્ત ઉદાહરણમાં વિસર્ગ પૂર્વે આવેલા વર્ણો **નિ, ત, નિ** ગુરૂ બને છે.

**નિયમ-6 :**

➤ કોઈ વર્ણ પછી વિસર્ગ આવતો હોય અને જો વિસર્ગનું ઉચ્ચારણ મૃદુ હોય તો તેની પૂર્વે આવેલો વર્ણ જો લઘુ હોય તો લઘુ અને જો ગુરૂ હોય તો ગુરૂ રહે છે. ટૂંકમાં, જેવો હોય તેવો જ રહે છે.

**ઉદા.** : દુ:ખ (U)

➤ છંદશાસ્ત્રમાં ગણરચના અને બંધારણને સમજવા માટે છંદનું સૂત્ર સમજવું જરૂરી છે.

**છંદસૂત્ર : ય મા તા રા જ ભા ન સ લ ગા**

➤ ઉપરોક્ત છંદસૂત્ર પ્રમાણે નીચે મુજબ ગણરચના તથા છંદના બંધારણને સમજવાનો પ્રયત્ન કરીએ.

➤ છંદશાસ્ત્રમાં ત્રણ–ત્રણ અક્ષરના સમૂહને ગણ સ્વરૂપે દર્શાવી બંધારણ બનાવવામાં આવે છે.

➤ છંદશાસ્ત્રમાં ગણની કુલ સંખ્યા **આઠ** છે.

➤ છંદશાસ્ત્રના બંધારણમાં **'લ'** એટલે લઘુ **'ગા'** એટલે ગુરૂ થાય છે.

| ગણનું નામ | બંધારણ | લઘુ-ગુરુની નિશાની | ઉદાહરણ |
|---|---|---|---|
| ય | યમાતા | U – – | સુશીલા |
| મ | માતારા | – – – | સારંગી |
| ત | તારાજ | – – U | સંબંધ |
| ર | રાજભા | – U – | સાવિત્રી |
| જ | જભાન | U – U | સુબોધ |
| ભ | ભાનસ | – U U | સૌનક |
| ન | નસલ | U U U | સહજ |
| સ | સલગા | U U – | સુષમા |
| | લ | U | લઘુ |
| | ગા | – | ગુરૂ |

➤ ઉપરોક્ત તમામ બાબતોને સમજ્યા બાદ આપણે છંદના મુખ્ય બે પ્રકાર **(1) અક્ષરમેળ** અને **(2) માત્રામેળ** છંદને વિગતે સમજવાનો પ્રયત્ન કરીએ.

● **અક્ષરમેળ એટલે શું ?**

➤ અક્ષરમેળ છંદમાં માત્ર અક્ષરોની ગણતરી કરવામાં આવે છે. અને છંદના બંધારણ પ્રમાણે નિશાની મુકવામાં આવે છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**અક્ષરમેળ છંદના પ્રકારો :**

(1) શિખરિણી
(2) પૃથ્વી
(3) મંદાક્રાંતા
(4) હરિણી
(5) શાર્દૂલવિક્રીડિત
(6) અનુષ્ટુપ
(7) મનહર
(8) સ્ત્રગ્ધરા
(9) ઈન્દ્રવજ્રા
(10) ઉપેન્દ્રવજ્રા
(11) ઉપજાતિ
(12) વંશસ્થ
(13) ભુજંગી
(14) તોટક
(15) વસંતતિલકા
(16) માલિની

**1. શિખરિણી છંદ :**
**અક્ષર : 17**
**બંધારણ : યમનસભલગા**
**યતિ : છઠ્ઠા અને બારમાં અક્ષરે**

U -  - -  - -  U U UU  U -  - UUU -
**ઉદા.** પિતા–માતા બંધુ, અનુપમ સખા હિતકરણા

- અમે એ ગંગાના, પુનિત ઝરણાંઓ વહવશું.
- ગયા દાદા વ્હાલા, પ્રતિનિધિ ગઈ પેઢી ભરના !
- વહી ચાલી સંધ્યા, ગગન મહિ ના કો ઘન દીસે.
- હજી તારી કાયા, મુજબ નયન સામે ઝળહળે.
- કદી મારી પાસે વન વન તણાં હોત કુસુમો.
- ખરી પાણી બુદ્ધિ, ખરી જ રૂડી જાત્રા થઈ મને.
- ભમ્યો તીર્થે ધરી ઉર મનીષા દરશની.
- ફર્યો તારી સાથે પ્રિયતમ સખે સૌમ્ય વયના.
- મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌનશિખરો.

**2. પૃથ્વી છંદ :**
**અક્ષર : 17**
**બંધારણ : જસજસયલગા**
**યતિ : આઠ કે નવ અક્ષરે**

U - U UU - U  - U UU -  U -  - U -
**ઉદા.** વિરાટ વણજાર આ યુગતણી જતી કયાં હશે ?

- કિશોર વયને કિશોર વય સોણલાં યે ગયા.
- નહીં સ્વજન તે બધાં, સ્વજન એકલી તું હતી.
- મને મરણ જો મળે સુભગ રાષ્ટ્રવેદી પરે,
  કિશોર વયને ઉભો ઉર ઉગાડને ઉંબરે.
- નહિ નિકટ એથિ પર્સહક આ સમે માહરો.
- છતાંય દિલ તો ચહે તન યુવાનની તાજગી.
- ન દાહ સળગે અને જિગર ખાક ના થાય છે
- અને હૃદય ના નમે પુનિત શ્વેત વાર્ધકયને.
- ઘડી બ ઘડી જે મળી નયનવારિ થંભો જરા.
- ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્‌ને કશું,

**3. મંદાક્રાંતા છંદ :**
**અક્ષર : 17**
**બંધારણ : મભનતતગાગા**
**યતિ : ચોથા અને દસમાં અક્ષરે**

- - - -  UUU  UU -  - U  - - U -  -
**ઉદા.** અંધારાના વિષમ પડઘા ઘોર ઝંકારતા'તા.

- લાંબા છે જયાં દિન પ્રિય સખી ! રાત્રિયે દીર્ઘ તેવી,
  આ ઐશ્વર્ય પ્રણય સુખની હાય ! આશા જ કેવી.
- હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
- હા ! શબ્દો આ સરલ સરખા મર્મને તીવ્ર ભેદો,
- દાદી વાંકી, રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી.
- સૂકાં પર્ણો વન ગજવતાં શાંત લીલા સદાયે.
- મે ગ્રંથોમાં જીવન પથના સૂચનો ખોળી જોયા,
- રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કઈ કાળે ન આવે,
- બેઠો બેઠો સખી સહિત હું માલતી મંડપે ત્યાં.
- આવ્યા એવા તરત સરકી જાય ઝાંખા બપોર

**4. હિરણી છંદ :**
**અક્ષર : 17**
**બંધારણ : નસમરસલગા**
**યતિ : છઠ્ઠા અને દસમાં અક્ષરે**

DEMO COPY
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®